# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

વાંચજે થોડા કસબથી જાણતલ
ફૂલ વાવ્યા છે કલમથી જાણતલ
વેદ બોલું છું રમલથી જાણતલ
પી જજે એને ચલમથી જાણતલ
કોઈ સુંદર કાવ્ય પંક્તિ જો લખે
છાંટજે અત્તર કમળથી જાણતલ
થઈ જશે મખમલ સમી પીડા બધી
ગાય લેજે તું ગઝલથી જાણતલ
અર્થ બદલે શુન્યનો પડઘો મળ્યો
ગેબના ભેદી ન્યનો પડઘો મળ્યો
ગેબના ભેદી ગહનથી જાણતલ

- નરેશ સોલંકી

## પાથેય

- રમેશ ઠક્કર

### પુસ્તકો વગરનો ખંડ એટલે આત્મા વગરનો દેહ..!

પુસ્તકો એ પારેવડા જેવાં હોય છે..આપણી આસપાસ સતત એ ફફડતાં હોય છે..આપણે એના સંચારને સહચાર માનતા નથી.કયારેક હું 'કલાપી'ની જેમ જ મારી જાતને આશ્વસ્ત કરતો રહું છું..અને ગણગણું છું.."રે પુસ્તકો સુખથી ફરફરો..નીત નવું કંઈક આપો..." મને પુસ્તકોની સતત હાજરી ગમે છે..જગતને જાણવાની અને માણવાની શ્રેષ્ઠ જાણકારી મને પુસ્તકો પાસેથી મળી છે..પુસ્તક જેવો પરમ મિત્ર દુર્લભ છે..'કલાપી 'ની જેમ હું પણ માનું છું કે 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી.."

પુસ્તકોનો ઈતિહાસ લાંબો છે..પહેલાં માણસ સાંકેતિક ભાષામાં લખતો..મૌખિક પરંપરાનો યુગ હતો..જર્મનીમાં બીબાની શોધ એ પુસ્તક માટેનું પારણું હતું..ધીમેધીમે બ્લોક બન્યા..ગુટેનબર્ગ દ્વારા પંદરમી સદીમાં ૧૪૫૦ આસપાસ પ્રથમ બુક પબ્લીશ થઈ હતી..ભારતનું પ્રથમ પુસ્તક ૧૮૦૫માં પ્રસિધ્ધ થયું..જે એક અંગ્રેજ દ્વારા થયું હતું...બીબાંની શોધ પહેલાં ભારત અને ચીનમાં હસ્તલિખિત અનેક ગ્રંથો રચાયા હતા..આપણા જૈનભંડારોમાં એવી અમાનતો સચવાઈ છે. પુસ્તક શબ્દ સંસ્કૃતમાંથી ઉતરી આવેલો તત્સમ શબ્દ છે..ગુજરાતીમાં મુળ શબ્દ પોથી છે..આપણે એને થોથું કહીએ છીએ..ચોપડી પણ કહીએ છીએ પરંતુ એના માટે સરસ શબ્દ કદાચ ગ્રંથ છે..બુક એ અંગ્રેજી શબ્દ છે..હિન્દીમાં એને કિતાબ કહેવાય..હું નવા સવા કિશોર તરીકે અમદાવાદમાં આવ્યો ત્યારે મારા સ્વર્ગસ્થ બનેવી મને એક દુકાન ઉપર લઈ ગયેલા જેનું નામ હતું "સસ્તું કિતાબ ઘર"! જો કે મને એ મોંઘુંદાટ લાગેલું..! મને ગુજરી બજારના ઢગલામાંથી સસ્તાં પુસ્તકો લેવાં ગમતાં..(પોસાતાં !) ફરનાન્ડીસ પુલ નીચે ધુરંધર લેખકોનાં પુસ્તકો પણ એકાદ બે રૂપિયામાં મળી જતાં..જુની હાઈકોર્ટે પાસે એમની ઓફિસમાં કવિશ્રી યોગેશ જોષીને હું વિદ્યાર્થી તરીકે મળવા જતો ત્યાં બહાર રોડ ઉપર એક લારી ઉપર જુનાં પુસ્તકો અને મેગેઝીનો મળતાં..એનો પણ એટલો જ રોમાંચ હું અનુભવતો...કવિ યોગેશ જોશીને આ વાત યાદ હશે ? મને એમની નવલકથા "સમુડી" બરાબર યાદ છે... સીસેરોએ એવું કહયું હતું કે "પુસ્તકો વગરનો ખંડ એ આત્મા વગરના શરીર જેવો છે.." વોલ્ટેર બહુ સરસ કહે છે કે "વાંચવું અને નાચવું આ બે મનોરંજન જગત માટે કયારેય નુકશાનકારક બનતાં નથી. " આપણે ગુજરાતીઓ પુસ્તક ખરીદતા નથી, માગીએ છીએ..પુસ્તકો માટે કોઈ દાન કરતું નથી..એમના માટે જ કદાચ જહોન રસ્કીને આવું કહયું હશે ? કે "જે પુસ્તક વાંચવા જેવું હોય છે એ ખરીદવા જેવું પણ હોય જ છે..'ઓસ્કાર વાઈલ્ડ બહુ સરસ લખે છે "પુસ્તકમાં નૈતિક કે અનૈતિક જેવું કશું હોતું નથી..પુસ્તક કાં તો સારું હોય છે કાં ખરાબ..ધેટસ્ ઓલ.."

આપણા કવિ મનોજ ખંડેરિયાની આ પંકિતઓ પુસ્તક માટે પણ એટલી જ સાચી છે...

." રસમ અહીંની જુદી નિયમ સાવ નોખા
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા"

એવું કહેવાયું છે કે પોથી પઢી પઢી જગ મૂઆ હુઆ ના પંડિત કોય..! તોય માણસને પુસ્તકોનું આકર્ષણ હજુ એવું ને એવું જ છે..સુંદર સજાવટવાળાં પુસ્તકો આજે ડિજિટલ માહોલમાં પણ પ્રગટ થતાં રહે છે..સતત પુસ્તકો વચ્ચે રહેનારને પુસ્તકીયો કીડો કે બુક વોર્મ કહેવાય છે..બંગાળી લોકો મોટાભાગે બૂકવોર્મ હોય છે. આપણે અન્ય બાબતમાં વાર્મ હોઈએ છીએ પણ પુસ્તકો એ આપણો ચાર્મ હોતો નથી..એકાદ દિવસ પુસ્તક દિન તરીકે મનાવવાથી આપણે પુસ્તકપ્રેમી થઈ શકતા નથી..એનું પરીશિલન સતત હોવું એ જરૂરી છે..પુસ્તક એક આશીર્વાદ છે..આશાવાદ છે..આલા સ્વાદ છે..

# ફેસબુકમાં સંશોધક : વૈજ્ઞાનિક તરીકે કામ કરતાં ઋતા દેસાઈની કારકિર્દી, પ્રતિભા અને વિદ્યાસફર




ગુજરાતની લાખો છોકરીઓ-યુવતીઓ ફેસબુક પર વ્યસ્ત હશે. સ્વાભાવિક છે. જમાનો સોશિયલ મીડિયાનો છે એટલે એવું હોય જ. જોકે આજે તમને એક એવી યુવતીની વાત કરું જે ફેસબુકમાં વૈજ્ઞાનિક અને સંશોધક તરીકે ઉત્તમ રીતે કામ કરી રહી છે. તેનું મોટું નામ અને કામ છે. આખા વિશ્વમાં ફરે છે અને ગુજરાતનું નામ રોશન કરે છે. એની વિદ્યાસફરની ગાથામાં વળાંકો છે, મુકામો છે. તેમાં પ્રેરણા લઈ શકાય તેવી ઘણી બાબતો પણ છે.

તેનું નામ ઋતા. પિતાનું નામ પરિમલ દેસાઈ અને માતાનું નામ ગીતાબહેન દેસાઈ. મૂળ અનાવિલ પરિવાર. પિતાનું વતન દક્ષિણ ગુજરાત. પિતા પરિમલભાઈ ગુજરાત સરકારના માહિતી વિભાગમાં ફરજનિષ્ઠ.

ઋતા નાનપણથી જ ભણવામાં તેજસ્વી હતી. પિતાની નોકરી અંજાર (કચ્છ) હતી ત્યારે થોડો સમય તે અંજારમાં ભણી અને અમદાવાદમાં જાણીતી સેન્ટ ઝેવિયર્સ લોયેલા સ્કૂલમાં તેણે અભ્યાસ કર્યો. ભણવામાં તે કાયમ માત્ર વર્ગમાં નહીં, સ્કૂલમાં પ્રથમ નંબરે આવતી. ભણવા ઉપરાંત ઇતર પ્રવૃત્તિઓમાં પણ તે ભાગ લેતી અને ઇનામો લઈ આવતી.



શાળા કે કોલેજ બંનેમાં તે ઊંચા ગુણ સાથે પાસ થતી. બારમા ધોરણમાં તે આખા ગુજરાતમાં ટોપ ટેનમાં આવી હતી.

એ વખતે અમદાવાદમાં છસ્છ (અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન)માં વિદ્યાર્થીઓ માટે એટિટ્યૂટ ટેસ્ટ લેવાતો. એ ટેસ્ટથી માલૂમ પડે કે તમારે તમારા સંતાનને કયા પ્રવાહમાં આગળ વધારવું જોઈએ. ઋતાનો પણ આ ટેસ્ટ થયો તો એવું તારણ નીકળ્યું કે, તેને લીડરશિપ અને મેનેજમેન્ટમાં ઘણો રસ છે. એને તેમાં આગળ વધારવી જોઈએ.

ધોરણ ૧૨ પછી શું ભણવું એ નક્કી કરવાનું હતું.``માં જવું એવું નક્કી થયું. જોકે, પહેલા લિસ્ટમાં તેનું નામ ન આવ્યું અને બીજા લિસ્ટમાં એડમિશન મળ્યું. જોકે, બીજા લિસ્ટમાં એવું બન્યું કે, જે અભ્યાસક્રમોમાં જગ્યા હોય એમાં તમારે ભણવું પડે. હા,``માં ભણવા મળે.

પરંતુ આ તો આપણાં ઋતાબહેન. એવું માને કે સ્વીકારે ખરાં? પોતાને જે ભણવું છે એ જ ભણવાનું ન મળે તો એ ના ભણે. એમણે માતાપિતાને કહ્યું કે, "હું NIT (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી)માં ભણીશ. એમાં તેણે ઈઝ (ઇલેક્ટ્રોનિક્સ કમ્પ્યૂટર)માં એડમિશન મળી ગયું. સુરતમાં રહીને ભણવાનું હતું. ચાર વર્ષનો કોર્સ હતો. ચાર વર્ષ પછી તેને B.Tech. ની ડિગ્રી મળવાની હતી. ઋતા ખૂબ સરસ રીતે ભણ્યાં. મૂળ તો તેઓ ટેક્નોલોજીનાં માણસ હતાં અને ટેક્નોલોજીમાં ભણવાનું મળ્યું.

પહેલા વર્ષમાં હતાં ત્યારે તેમને ઓટોમોબાઇલ ક્ષેત્રમાં કોઈ ઇનોવેશન કરવાનું હતું. ઋતાએ જે પ્રોજેક્ટ કર્યો, જે આઇડિયા આપ્યો તે જબરજસ્ત હતો. એ વખતે બેંગલુરુના IISC (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ)ના એક પ્રોફેસર જજ તરીકે આવેલા. તેઓ ઋતાથી ખાસ્સા પ્રભાવિત થયા. તેમણે ઋતાને કહ્યું કે, "તમે વેકેશનમાં બેંગલુરુ આવો અને મારી સાથે સંશોધનમાં જોડાઓ." ઋતા રાજી થઈ, પરંતુ આ વાતને તેમણે ગંભીરતાથી ન લીધી. જોકે, પેલા પ્રોફેસર ભૂલે તેમ નહોતા. તેમણે થોડા સમય પછી ઇ-મેઇલ કરીને ઋતાને યાદ કરાવ્યું. એ પછી ઋતા ગંભીર બન્યાં અને પોતાની બધી વિગત મોકલી. એ પછી તેઓ ત્યાં સંશોધન માટે ગયાં.

જ્યારે તેઓ ત્રીજા વર્ષમાં ભણતાં હતાં ત્યારે તેમને જર્મનીની DAAD સ્કોલરશિપ મળી. સંસ્થાએ તેમને જર્મની બોલાવ્યાં. તેમણે જે રિસર્ચ પેપર તૈયાર કર્યું હતું તે ખૂબ વખણાયું. યુરોપિયન યુનિયનની એન્જિનિયરિંગ કોન્ફરન્સમાં આ પેપર સિલેક્ટ પણ થયું.

ભણતાં ભણતાં તેમણે અનેક પ્રોજેક્ટ કર્યા. તેમનો સ્વભાવ જ એવો કે, દિલ લઈને ભણવું. ખૂબ ગહનતાથી અભ્યાસ કરવો.

ખૂબ સારી રીતે ભણીને ઋતા B. Tech. થઈ ગયાં.

હવે શું? ઋતાને હજી પણ આગળ ભણવું હતું. ઋતા ભણતાં હતાં ત્યારે તેમનું સપનું હતું વિશ્વની શ્રેષ્ઠ Carnegie Mellon Universityમાં ભણવાનું. ઋતાને રોબોટિક એન્જિનિયરિંગમાં આગળ ભણવું હતું. વિશ્વની ઘણી યુનિવર્સિટીઓમાં રોબોટિક વિષય ભણાવાતો હતો, પરંતુ વિશ્વની શ્રેષ્ઠ ગણાતી કાર્નેગી મેલન યુનિવર્સિટીએ તો પોતાનો રોબેટિક વિભાગ Robotic Institute વિભાગ શરૂ કર્યો હતો. ઋતાને વિચાર આવ્યો કે જો મને અહીં એડમિશન મળી જાય તો ભણવાની ખૂબ મજા આવે.



જોકે, એ સહેલું નહોતું.

ઋતાએ અમેરિકાની જુદી જુદી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે એપ્લાય કર્યું હતું. આનંદની વાત એ હતી કે, વિશ્વની શ્રેષ્ઠ અને પોતાના સ્વપ્નની યુનિવર્સિટીમાં તેને એડમિશન મળી ગયું હતું. ફી ભરવાની હતી ૨૭ લાખ રૂપિયા.

આ વાત છે ૨૦૧૧-૧૨ની. એ વખતે ૨૭ લાખ રૂપિયા મોટી રકમ હતી. પિતા બેક્રમાંથી શૈક્ષણિક લોન લે તો પણ ચાર લાખ રૂપિયાથી વધારે મળી શકે તેમ નહોતી. હા, કોઈ પ્રોપર્ટી મોર્ગેજ કરીને લોન મળી શકે, પરંતુ તેમનું જે ઘર હતું તે સંયુક્ત માલિકીનું હતું.

આવી સ્થિતિમાં કરવું શું એ સવાલ ઊભો થયો. એવું પણ બની શકે કે, જે યુનિવર્સિટીમાં ફી ઓછી હોય ત્યાં એડમિશન લઈ શકાય.

(ક્રમશઃ)

# દરેકને ગમવું કયાં જરૂરી છે, મને ગમતાઓને હું ગમું એટલું જ બસ છે




કોઈ પ્રેમની જરા ફૂંક મારે તોય બુઝાઈ જઈએ અમે,
બાકી તો કેટલાય વાવાઝોડા અહીં હાંફી ગયા છે.

'સ્ત્રી' એટલે ઈશ્વરનું વધુ એક શ્રેષ્ઠ સર્જન ! સ્ત્રીવિષે ઘણું લખાયું છે અને અનેક રીતે એનું મૂલ્યાંકન પણ થયું છે વૂમન્સ ડે, મધર્સ ડે, ડૉટર ડે, આવા દિવસોએ તો સ્ત્રી પોતે પણ પોતાના વિષે રજૂ થતી વાતો વોટ્સએપ, ફેસબુક અને અન્ય સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ વાંચી-વાંચીને ગદ્ગદ્ થઈ જતી હશે ! વિશ્વમાં તો અનેક પ્રકારે ઉજવણી થતી જ હશે પણ આપણી આસપાસ પણ આપણે આવી ઊજવણી જોઈ છે. પણ શું આજુબાજુ રહેતી એકાદ નાની ગરીબની દીકરીને બોલાવી આવા સ્પેશિયલ દિવસે જમાડી છે ? એકાદ એને મનગમતા વસ્ત્રો અપાવ્યા છે ? અરે આપણે ત્યાં કામ કરવા આવનાર બહેનને એક દિવસની રજા સામેથી આપી છે ખરી ? સ્ત્રીને સમજવી અટપટી છે એમ આપણે કહેતા હોઈએ છીએ પણ ખરેખર તો એક જ ઘરમાં રહેતી સ્ત્રી, પુત્રી, પત્ની, સાસુ અને કામ કરવા આવનાર બહેન આ તમામ સાથેનું વર્તન એ અઘરું છે. સંવેદનશીલ કવિયત્રી એવા સુચિત્રા કપૂરની એક કવિતામાં આ બાબત કેટલી સુંદર અને વેધક રીતે રજૂ થઈ છે :

'ટૂંટિયું વાળીને એ સૂતી'તી
અંગે અંગ કળતું'તું
એથીય વધારે કળતું'તું એનું મન.
આજે, ઘર એના વગરેય ચાલી રહ્યું છે.
જો કે એને ખબર છે,
એને ફૂવડ કહેનારાં ઘર કેવું સાચવશે.
એઠાં વાસણો જયાં ત્યાં પડ્યાં હશે.
છાપાં, સ્કૂલ બેગ્ઝ, બેગ્ઝમાં ખાલી ટિફિનો,
કપડાનાં ઢગલાઓ, કોઈની ટાઈ, કોઈના સૂઝ
એનું જીવન આમાં' જ નીકળી ગયું.
બહાર ટીવીના અવાજો આવે છે.
એ ઊંઘીયે નથી શકતી
આ આજની જનરેશનને
ઘોંઘાટ સાથે આટલી દોસ્તી કેમ હશે,
આ ટીવી, મોબાઈલ, નેટકનેકશને એમને.
આખી દુનિયા સાથે તો જોડી દીધા છે પણ,
ઘરમાં કટ ઑફ થઈ ગયા છે.
મોટી દીકરી એકાદવાર પૂછીને દવા મૂકી ગઈ.
પણ, પાણી તો પાછું માંગવાનું જ.
આ ઉંમરે એણે તો બિમાર માની કેટલી સેવા કરેલી !
નાનકો આવ્યો, એની ચાદરમાં ઘૂસ્યો.
એને સારું લાગ્યું.
પણ એ જાણતી હતી, હમણાં કોઈ માગણી થશે.
થોડી વારે પતિ તૈયાર થઈ આવે છે,
'આજે આરામ કરજે.' હું બપોરે બહાર જમી લઈશ.'
એ જ વખતે આવી સાસુ ચાનું પૂછે છે.
એ જાણે છે પતિની હાજરીમાં જ એ ચાનું પૂછવા આવ્યાં છે.
બાકી એની માંદગી એમને આકરી અને કંઈક અંશે ઢોંગ લાગી રહી છે.
એ રીસથી ના પાડે છે.
બિચારીને સૂવા દો કહી સૌ પોતપોતાના કામમાં લાગી જાય છે.
છોકરાંઓને સંતોષ છે,
એમણે માને ઉઠાઠી નથી. પતિને પ્રાઉડ છે,
એ આજે એના માટે બહાર જમી લેવાનો છે. સાસુ રીસમાં મૂંગા છે.
થોડીવારે બહાર બધુ શાંત થઈ જાય છે. પણ ભીતર ?
એના પેટમાં બાચકા બોલે છે
ચા વગર માથું ફાટે છે.
સૌની જરૂરિયાતો એણે સાચવી છે.
માંદગીમાં રાતદિવસ જોયા વગર ચાકરી કરી છે.
આજે એ અન્નપૂર્ણા પોતે ભૂખી છે.
એક આંસુ એની આંખથી નીકળે છે,
પણ ગાલે પહોંચતાં વરાળ બની ઊડી જાય છે.
એ બધી વેદના, સંવેદના સમેટી વધારે સંકોચાય છે.
અચાનક કામવાળી બાઈ એના રૂમમાં ધસી આવે છે.
એના પગ માથું દબાવે છે, પાણીનો પ્યાલો ધરે છે.
એને ખબર છે ભાભીને રોટલો ભાવે છે.
મસાલો નાખી, રોટલો ઘડી, ચા સાથે પ્રેમથી ખવડાવે છે.
એ એની શું સગી હતી ? કે સખી હતી ?
કે પછી કંઈ નહિ ? તો પછી...??''

સમય સાથે ઘણું બધું બદલાયું છે અને સ્ત્રીઓની પરિસ્થિતિમાં પણ ઘણા બધા ફેરફારો થયા છે. પણ છતાં આજે પણ આ બધું સમાજના અમુક જ વર્ગમાં જોવા મળે છે. આમાં જો કે સમાજ કે પુરુષનો વાંક કાઢવા કરતા જો સ્ત્રી એને જે બાબત ન ગમતી હોય કે જે કરવાથી એને તકલીફ પડે છે. તેની જાણ તેણે પોતે બધાને કરવી જ રહી. સાથોસાથ ખેંચાઈને કરવી પડતી તમામ બાબતો એણે જ કરવી એવું પણ જાતને પ્રોમિસ કરવું પડશે. દુનિયામાં બધું જ કામ એ જ કરે છે, સહનશીલતા અને ધૈર્યની મૂર્તિ તે પોતે જ છે એમ માનવાનું તેમજ લોકોને એ બતાવ્યા કરવાનું એણે પોતે જ અને વહેલામાં વહેલી તકે બંધ કરવું પડશે. કોઈને નુકશાન કરવું કે રેકિરવું એ ચોક્કસ ન જ કરવા જેવી બાબતો છે પણ સાથોસાથ પોતાની જાતને પણ અન્યાય ન થવા દેવો તે પણ એટલું જ અગત્યનું છે.

**Last Seen :**
દરેકને ગમવું કયાં જરૂરી છે,
મને ગમતાઓને હું ગમું એટલું જ બસ છે.

**Line Courtesy: Ruchi Thanki**

- nehalgadhavi101@gmail.com

# કાયદાની પ્રક્રીયાનો અમલ કર્યો સિવાય પોલીસ કોઈપણ વ્યક્તિની અટકાયત કરી શકે નહી

## કોઈપણ વ્યક્તિની ધરપકડ કરતા પહેલા પોલીસે કાયદાની પ્રક્રીયાને અમલ કરી ન્યાયીક તથા કાયદાકીય પગલા ભરવા જોઈએ




તાજેતરમાં એક કેસમાં ગુજરાત હાઈકોર્ટેની ખંડપીઠે પોલીસનાં બેજવાબદાર વલણની જાટકણી કાઢી સરકારને રૂા. ૨૫,૦૦૦/- નો દંડ ફટકારતો હુકમ કરતા ઠરાવ્યું કે, એક ભાઈ પકડવા માટે બીજા ભાઈની ગેરકાયદેસર રીતે પોલીસ અટકાયત કરી શકે નહી. કોઈપણ વ્યક્તિની ધરપકડ કરતા પહેલા પોલીસે કાયદાની પ્રક્રીયાને અમલ કરી ન્યાયીક તથા કાયદાકીય પગલા ભરવા જોઈએ. ત્યારબાદ જ ગુનેગારની ધરપકડ કરી શકાય. રૂેક વ્યક્તિને પકડવા માટે તેનાં સગાને ગેરકાયદેસર રીતે અટકાયત કરી શકાય નહી.

નામ. ગુજરાત હાઈકોર્ટે આવા બનાવો નાથવા માટે ગુજરાતનાં દરેક પોલીસ સ્ટેશનમાં સી.સી.ટીવી. કેમેરા લગાવવા માટે હાઈકોર્ટે આદેશનાં અમલવારી માટેનો આદેશ કર્યો છે. પોક્સો કેસનાં આરોપીને પકડવા માટે પોલીસે આરોપીનાં ભાઈની ગેરકાયદેસર રીતે અટકાયત કરી કસ્ટડીમાં ગેરકાયદેસર રીતે નિદોષ વ્યક્તિને ગોંધી રાખેલ, જે અરજી નામ. ગુજરાત હાઈકોર્ટેનો ખંડપીઠ સમક્ષ આવતા ખંડપીઠે પોલીસની આવી ગેરકાયદેસરની પ્રક્રીયા બદલ નારાજગી દર્શાવી આવી ઘટનાઓને અટકાવવા માટે પોલીસ સ્ટેશનમાં ફરજીયાતપણે સી.સી.ટીવી. કેમેરા લગાવવાનાં નામ. ગુજરાત હાઈકોર્ટેનાં અગાઉનાં આદેશનો ચુસ્તપણે પાલન કરી તે લગત સોગંદનામું નામ. ગુજરાત હાઈકોર્ટેમાં રજુ કરવા જણાવી સરકારને રૂા. ૨૫,૦૦૦/-નો દંડ ફટકારેલ છે. તેમજ પોલીસ સ્ટેશનનાં ઈન્ફ્રાસ્ટ્રકચરને સ્ટ્રીમલાઈન કરવાનો હુકમ કરેલ છે.

પીડીતનાં મોટા ભાઈએ હાઈકોર્ટેમાં હેબીયસે કોપસે અરજી કરેલ કે, તેનાં ૨૨ વર્ષનાં ભાઈની કોઈ જ ભાળ મળતી નથી તેથી રામોલ પોલીસે તેના એક બીજા ભાઈને પકડી લીધો હતો. અરજદારે પોલીસ સામે આક્ષેપ કરેલ કે, તેના નાના ભાઈને ગેરકાયદેસર રીતે પોલીસે કોઈપણ ગુનો બન્યા સીવાય કે એફ.આઈ.આર. નોંધ્યા સીવાય ગેરકાયદેસર રીતે ધરપકડ કરી, ગોંધી રાખી તેના ઉપર શારિરીક, માનસિક અત્યાચાર ગુજારવામાં આવ્યો છે. કસ્ટડી દરમ્યાન નાના ભાઈની તબિયત સારી ના હોવા છતાં હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ નથી કે કસ્ટડીમાંથી મુકત કરેલ નથી. તેમજ આ બાબતે પોલીસ સ્ટેશને પૂછતા કોઈ જ સ્પષ્ટતા પણ કરવામાં આવેલ નથી, તેની ના-છૂટકે, ના-ઈલાજે નામ. ગુજરાત હાઈકોર્ટેમાં હેબિયસે કોપસેની અરજી ગુજારેલ છે. જેમાં હાઈકોર્ટે પોલીસ અધિકારીને પોલીસ સ્ટેશનનાં સી.સી.ટીવી. કેમેરા ના ફૂટેજ મંગાવવાનો આદેશ કરવામાં આવેલ, જે લગત સી.સી.ટીવી. ફૂટેજ ઉપલબ્ધ કરાવવામાં આવેલ નથી, આથી હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપતા જણાવ્યું કે, કાયદાની પ્રક્રીયાનો અમલ કર્યો વિના કોઈપણ વ્યક્તિની અટકાયત કરવા પણ પ્રતિબંધ છે.

ગેરકાયદેસર અટકાયત કરેલ વ્યક્તિએ આરોપીને મદદ કરેલ હોય તેવા કોઈ પુરાવા પ્રથમ દર્શનીય રીતે પોલીસ દ્વારા નામ. હાઈકોર્ટેમાં રજૂ કરવામાં આવેલા નથી. તેથી પણ પોલીસે આરોપીનાં ભાઈને ગેરકાયદેસર રીતે અટકાયત કરેલ હોવાનું અનુમાન કોર્ટે કરેલ છે. આરોપીને પકડવાનો પોલીસનો આશય હતો, પરંતુ તેમાં જે રીત હતી તે અયોગ્ય અને અસ્વીકાર્ય છે. કોપસેને જયારે નામ. હાઈકોર્ટેમાં રજૂ કરવામાં આવ્યો ત્યારે તેણે કોર્ટેને જણાવ્યું કે, પોલીસે તેને ૧૬ દિવસ કસ્ટડીમાં ગેરકાયદેસર રીતે રાખેલ તે મતલબની કોઈ જ એફ.આઈ.આર. પોલીસે કોર્ટેમાં રજુ કરેલ નથી.

આરોપીને પકડયા બાદ તેને મુકત કરવામાં આવ્યો હતો, તે અંગેનાં પુરાવા અધિકારીઓ મેળવી શકયા નથી, ટેકનોલોજી મદદ ના કરતા પોલીસને હ્યુમન એજન્સી ઉપર મદાર રાખવો પડેલ તે દલીલ કોર્ટે ફગાવી દિધી હતી અને કોપસેને મુકત કરવાનો હુકમ કોર્ટે કરેલ, પરંતુ કોપસેને ગેરકાયદેસર રીતે પકડવામાં આવેલ અને કસ્ટડીમાં રાખવામાં આવેલ તેવા પુરાવા ટેકનોલોનીકલ સાધનોની ઉણપનાં કારણે નામ. કોર્ટેમાં પોલીસ દ્વારા રજૂ કરવામાં નિષ્ફળ ગયેલા હોય, નામ. કોર્ટે દરેક પોલીસ સ્ટેશનમાં સી.સી.ટીવી. કેમેરા ગોઠવી ટેકનોલોજીકલ સાધનો સુવ્યવસ્થિત રીતે ગોઠવવા તથા તેને મેનેજ કરવા માટે રાજય સરકારને હુકમ કરી રૂા. ૨૫,૦૦૦/- નો દંડ ફરમાવેલ છે. જે દંડ અરજદારને ચુકવવા નામ. કોર્ટે હુકમ કરેલ છે તથા રાજયનાં દરેક પોલીસ સ્ટેશનને ઈન્ફ્રાસ્ટ્રકચર સ્ટ્રીમલાઈન કરવા આદેશ કરેલ છે. પોલીસની આવી ભારોભાર બેદરકારીનો ભોગ નિદોષ લોકો બને તે ચલાવી ના લેવાય તેવું તારણ કાઢી રાજય સરકારને જરૂરી આદેશો આપી ભવિષ્યમાં નિદોષ લોકો પોલીસ દમનનો ભોગ ના બને તે જોવા રાજય સરકારને સુચીત કરેલ છે. પાડા ના વાંકે ઘોડાને ડામ ના અપાય, પોલીસે અયોગ્ય અને અસ્વીકાર્ય રીતનો ઉપયોગ આરોપીને પકડવા કરવો જોઈએ નહી.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
www.trivediassociates.in